એમ.પી.રાવલ
ખાસ ફરજ પરના અધિકારી
(સિં.યો.)

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા
અને કલ્પસર વિભાગ
૯/૧, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
Email :-osdipwr@gmail.com
ફોન : (૦૭૯) ૨૩૨૫૧૭૪૯

---

પરચ-૧૦૨૦૧૩-૪૧૦ એમ.આઇ.સેલ/ક-૧ તા. ૦૫-૧૨-૨૦૧૩

અધીક્ષક ઇજનેરશ્રી( સઘળા)

વિષય::- બાંધકામના કોન્ટ્રાકટર પાસેથી સીક્યુરીટી ડીપોઝીટ સ્વીકારવાની પ્રથામાં અંશત ફેરફાર : કરવા બાબત.

અનું :- સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક ટીએનસી-૧૦-૨૦૧૩-૩-(ભાગ-૨)-સી તા.૨૦-૧૧-૨૦૧૩

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે બાંધકામના કોન્ટ્રાકટર પાસેથી સીક્યુરીટી ડીપોઝીટ સ્વીકારવાની પ્રથામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા તેમના તા. ૨૦ /૧૧ /૨૦૧૩થી અંશત : ફેરફાર કરતો પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. સદરહુ પરિપત્રનો અમલ નર્મદા જળ સંપત્તિ વિભાગમાં પણ કરવાનો નિર્ણય કરવામાં આવે છે.

બિડાણ :- અનુસંધાનિત પરિપત્ર

એમ.પી.રાવલ.
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો.)
ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ ગાંધીનગર
૩. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, ગાંધીનગર
૪ સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
૫ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)
૬. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-૩, જ,એમઆઇસેલ,ક-૭)
૭. સીલેકટ ફાઇલ

બાંધકામના કોન્ટ્રાકટર પાસેથી સીક્યુરીટી ડીપોઝીટ
સ્વિકારવાની પ્રથામાં અંશતઃ ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-૩-(ભાગ-૨)-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦-૧૧-૨૦૧૩

વંચાણે લીધો ઠરાવ ક્રમાંકઃ- ટીએનસી-૧૦૮૮/આઈબી/૧૮/(૧૩)/સ તા.૩૧-૮-૧૯૯૪

આમુખઃ-

કોન્ટ્રાકટરોને આપવામાં આવતા કામો માં સીક્યુરીટી ડીપોઝીટ અંગેની હાલની પધ્ધતિ પ્રમાણે એગ્રીમેન્ટ સમયે ૫% પરફોર્મન્સ બોન્ડ બેંક ગેરંટી સ્વરૂપે, ૨.૫% સીક્યુરીટી ડીપોઝીટ નર્મદા બોન્ડ અથવા એન.એસ.એસ. સ્વરૂપે લેવામાં આવે છે તેમજ ૨.૫% રકમ ઈજારદારશ્રીના રનીંગ બીલમાંથી કપાત સ્વરૂપે વસુલ કરવામાં આવે છે. કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા નાણાંકિય તરલતા રહે તે માટે ૨.૫% લેખે કાપવામાં આવતી સીક્યુરીટી ડીપોઝીટની રકમ બેંક ગેરંટી સામે છુટી કરવાની રજુઆત કરવામાં આવેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે સરકારી કામોના કોન્ટ્રાકટ માટે સીક્યોરીટી ડીપોઝીટ સ્વિકારવાની હાલની પ્રથામાં નીચે મુજબ નો ફેરફાર કરવામા આવે છે.

૧. હાલમાં પ્રથમ તબક્કે લેવામાં આવતી ૨.૫% સીક્યોરીટીની રકમ જે નર્મદા બોન્ડ/ એન.એસ.એસ. સ્વરૂપે લેવાની જોગવાઈ છે, તે હવે નર્મદા બોન્ડ/ એન.એસ.એસ. તેમજ શીડ્યુલ્ડ બેંકની એફ.ડી.આર. સ્વરૂપે પણ લઈ શકાશે.

૨. રનીંગ બીલમાંથી કપાત થતી ૨.૫% સિક્યુરીટી ડીપોઝીટની રકમ ઈજારદારશ્રી દ્વારા **શીડ્યુલ્ડ બેંકની બેંક** ગેરંટી રજુ કર્યેથી નીચે જણાવ્યા મુજબ રીલીઝ કરવાની રહેશે.

| ક્રમ | નાણાકીય પ્રગતિ | રનીંગ બીલમાથી ૨.૫% લેખે સીક્યુરીટી ડીપોઝીટ પેટે કાપવામાં આવેલ રકમ માંથી છુટી કરવા પાત્ર રકમ | બેંક ગેરંટીની રકમ |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરની રકમના ૨૫% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૦.૬૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૨ | ટેન્ડરની રકમના ૫૦% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૩ | ટેન્ડરની રકમના ૭૫% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૮૮%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |

ઉપરોક્ત બેંક ગેરેંટીની મુદ્દત કામ પુર્ણ થવાની ખરેખર તારીખથી છ(૬)-માસ વધુ સમયની લેવાની રહેશે તથા ઈજારદારશ્રી પાસેથી બાંહેધરીપત્ર મેળવવાનો રહેશે કે, જો કામ પુર્ણ કરવાની સમયમર્યાદામાં વધારો થશે તો વધારેલ સમયમર્યાદાની તારીખથી ૬ માસ વધુ સમયમર્યાદા વાળી બેંક ગેરંટી તેઓશ્રી દ્વારા પુરી પાડવામાં આવશે.

કામ પુર્ણ થાય ત્યાં સુધી ઈજારદારશ્રી પાસેથી લેવાની થતી ૧૦% સીક્યોરીટી ડીપોઝીટનું પ્રમાણ કોઈપણ સ્વરૂપે જળવાઈ રહે તેની અચુક કાળજી રાખવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૪-૧૦-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ